સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

રામે જનહૃદયથી માગી એવી વિદાય માગું છું,
ગાંધીનગર સમાચારના પૃષ્ઠ પરથી હું વિદાય માગું છું,
અશ્રુસભર, ભારે હૈયે આપની વિદાય માગું છું,
ગમતું નથી છતાં હું લાચારીથી વિદાય માગું છું.

હાઈકુ

ડૂબશે સૂર્ય
અંધકારમાં છતાં -
સુપ્રભાતમ્
(સુરેશ ભટ્ટના વંદન)

કરજો યાદ
રોજ છાપું વાંચતાં
સુપ્રભાતમ્

ચિંતન

પરોપકાર નિરતૈર્દુર્જનૈઃ સહ સંગતિ :।
વદામિ ભય તસ્તત્ત્વં ન વિધેયા કદાચન ॥

ઉપરોક્ત શ્લોક અષ્ટાવક્ર ગીતામાંતી લેવામાં આવેલ ચે.

હે સુજ્ઞ સજ્જન, હું તને એક તાત્ત્વિક અને સાત્ત્વિક વાત કહું છું, કે બીજાના પર અપકાર-દુર્વ્યવહાર કરનાર એવા દુષ્ટ દુર્જનો સાથે કદાપિ પણ સંગત રાખી કોઈ વ્યવહાર ન કરવો.

દુષ્ટ દુર્જન લોકો વિના કારણ કોઈ સજ્જન - સંતની ટીકા-નિંદા કરે છે કે એમના વિષયમાં ખોટી અફવાઓ ફેલાવે છે.

તેમને કેમ મુશ્કેલીઓ આવે તેના 'પેંતરા' કરતા રહે છે.

આવા દુર્જન સાથેની સંગતથી આપણા આચાર-વિચાર પર પણ અસર પડે છે. એમની સાથે રહેવાથી પણ 'છાંટા' ઉડે છે અને લોકશંકાનું કારણ બને છે.

આથી સુજ્ઞ - સજ્જન માણસે આવા દુર્જનના પડછાયાથી પણ આઘા રહેવું. અને એમની સાથે કોઈ જાતનો વ્યવહાર ન રાખવો જોઈએ.

સુવિચાર

- અગર ખ્વાહીશ કુછ અલગ કરને કી હૈ તો દિલ ઔર દિમાગ કે બીચ બગાવત લાજમી હૈ!! - **પ્રદિપ્તો સેન**
- મનથી તંદુરસ્ત માણસો ભારે લઘુમતીમાં હોય છે - **ગુણવંત શાહ**
- કોઈ પણ સંબંધોમાં આપવા કરતાં લઈ લેવાની અપેક્ષાઓ વધે એટલે અધોગતિ શરૂ થાય - **એસ. ભટ્ટાચાર્ય**
- અનુભવ વગરનું કોરું શાબ્દિક જ્ઞાન નિરર્થક છે - **જીવન પાથેય**
- અત્યારની પરિસ્થિતિ પ્રમાણે મનથી જો મહેમાન થવાય તો સગાનું ઝૂપડું પણ મહેલ લાગે - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- છેતરાયેલ અને ઘડાયેલ કયારેય પાછાં પડતાં નથી - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- આજનું ઔષધ : દસ કિલો ઘઉંના લોટમાં બે કિલો બાજરીનો લોટ તથા બે કિલો જુવારનો લોટ મેળવી તેનીરોટલી સવાર-સાંજ ખાવાથી વજન ઉતરે છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

એક વખત મગધના રાજાએ પડોશમાં આવેલ કૌશલ રાજય ઉપર હુમલો કર્યો. કૌશલ નરેશે પોતાના રાજયમાં લોકોને તત્કાળ નગર ખાલી કરી કોઈ સુરક્ષિત સ્થળે ચાલી જવા કહ્યું. રાજાની આજ્ઞા માનીને તમામ નગરવાસીઓ પોતાના પરિવાર સહિત જે લઈ જઈ શકાય હોય તેટલો માલ-સામાન લઈને અન્ય સ્થળે ચાલ્યા ગયા. મગધની સેનાએ નગરમાં પ્રવેશ કર્યો. કૌશલ નરેશ એમના નિકટના સાથીઓ સાથે મહેલમાં જ બેસી રહ્યા. જયારે મગધના સેનાપતિએ કૌશલ નરેશને મહેલમાં કેદ કર્યા ત્યારે કૌશલ નરેશે મગધના સેનાપતિને અરજ કરી કે એમના નિકટના સાથીઓને મુક્ત કરી દે. તો હું કોઈ પણ શરત વગર આત્મસમર્પણ કરવા તૈયાર છું. સેનાપતિએ નિકટના સાથીઓને મુક્ત કર્યા. જયારે બંદી બનેલા કૌશલ નરેશને મગધ નરેશ સમક્ષ રજૂ કરવામાં આવ્યા ત્યારે મગધ નરેશે આશ્ચર્ય સાથે પૂછ્યું કે 'આપે જે નિકટના પંદરેક સાથીઓ છોડી મૂકવાની અપીલ કરી હતી કે કોણ હતા ?' કૌશલ નરેશે જવાબ આપ્યો 'મહારાજ! તે પંદર લોકો કૌશલ રાજયના સંત અને વિદ્વાન હતા. હું રહું કે ના રહું તેનાથી કોઈ જ ફેર પડવાનો નથી, પરંતુ એક રાજય માટે સંતો અને વિદ્વાનોનું જીવતાં રહેવું ખૂબ જ જરૂરી છે. તે રાજયની અમૂલ્ય સંપત્તિ હોય છે. તેઓ રહેશે તો આદર્શ અને સંસ્કાર જીવિત રહેશે, જે કોઈ પણ રાજય માટે એ જરૂરીછે. તેમના દ્વારા જ ભવિષ્યમાં કર્તવ્યનિષ્ઠ અને સંસ્કારી નાગરિકોનું નિર્માણ થવાનું છે.' કૌશલ નરેશના આવા ઉચ્ચ વિચારથી મગધ નરેસ ખૂબ પ્રભાવિત થયા અને તેમને કૌશલ નરેશને મુક્ત કરવાનો આદેશ આપ્યો અને એમનું રાજય પણ પરત આપ્યું.

કોરોના પણ ધીરે ધીરે કોઠે પડી જશે

તંત્રીસ્થાનેથી...

એકસાથે વિરોધાભાસી સમાચારો ઝીંકાતા જોઈ કોઈ પણ માણસ મૂંઝાઈ જાય તે સ્વાભાવિક છે. કોરોના મહદંશે કાબૂમાં આવી ગયું હોવાની પ્રતીતિ સાથે શાળાઓમાં બાળગોપાલ અવરજવર કરતાં થયાં છે. નેતાઓની સભાઓમાં એ જ ચીલાચાલુ રસમ મુજબ ભીડ એકત્ર કરાવાના કારસા શરૂ થઈ ગયા છે. ધાર્મિક ઉપક્રમોથી લઈ લગ્ન જેવા સાંસારિક પ્રસંગો રંગેચંગે ઊજવાઈ રહ્યા છે. કોરોનાની ધાક શમી ગઈ છે. માસ્ક અદૃશ્ય થવા લાગ્યા છે. પોલીસ પહેલાની માફક રોકતી કે ટોકતી નથી. પરંતુ બીજી તરફ છૂટક મુક્ત નવા કેસ નોંધાઈ રહ્યા છે. મહાનગરમાં નવા કેસ નોંધાતાની સાથે આસપાસના વિસ્તારોમાં ધરતીકંપ જેવા માંજો ફેલાવા લાગે છે ફરી પાછો કોરોના રુપી કાળીનાગ ફંફાડા ઊઠશે કે શું? -એવી દહેશત સરજાતાં વળી પાછું રસીકરણ યાદ આવી જાય છે. સરકાર સંપૂર્ણ રસીકરણનો કાર્યક્રમ વેગીલો બનાવી કોરોના સામેની ઢાલ વધારે મજબૂત બનાવી રહી છે. સરકારને બીજાં પણ કામ છે. એટલે કે હવે ફક્ત કોરોના પાછળ જ વળગી રહે એ પણ શક્ય નથી. વિકાસ કાર્યો આગળ ધપાવવાનાં છે, ઉદ્યોગોને આકર્ષવાના છે ખાડે ગયેલી અર્થવ્યવસ્થા પાટે ચડાવવાની છે. સવિશેષ શાસક પક્ષ માટે તો એની બગડી ગયેલી ઈમેજ સરખી કરવાનો પડકાર પણ છે. ફક્ત ચૂંટણી જીતી જવાથી ઈમેજ સુધરી જતી નથી. ચૂંટણી તો સામ, દામ, દંડ, ભેદ દ્વારા જીતી પણ લેવાય, પણ પ્રજાના મનમાં બેક ઊજળો અભિપ્રાય ટકી રહે તે જરૂરી હોય છે. ખુદ મનીષ તિવારી જેવા સિનિયર નેતાએ કબુલ્યું છે કે ૨૬/૧૧ ની ક્રૂર ઘટના પછી કોંગ્રેસની મનમોહન સરકારે પાકિસ્તાન સામે લશ્કરી પગલાં લેવાની સેનાની ઈચ્છા પર ઠંડુ પાણી રેડીને મોટી ભૂલ કરી હતી. કોંગ્રેસ દિશાશૂન્ય થઈ ગઈ છે. વિપક્ષો એને આગેવાની કરવા દેવાના મૂડમાં નથી. મમતા બેનરજી બેધડક ભાષામાં પત્રકારોને સામો સવાલ કરે છે - 'શું દર વખત સોનિયા ગાંધીને મળવું ફરજિયાત છે?' રાજકારણ પર પણ કોરોનાએ ઘેરી અસર પહોંચાડી છે. કોંગ્રેસમાં 'ચાણક્ય'ની ભૂમિકા ભજવતા રહેલા ગુજરાતી નેતા અહમદ પટેલની પુણ્યતિથિ હમણાં જ ગઈ. રાજસ્થાનના મુખ્યમંત્રી સહિત સિનિયર નેતાઓએ એમને શ્રદ્ધાંજલિ આપી છે. રાજસ્થાનમાં મંત્રીમંડળનું વિસ્તરણ થયું છે. સચીન પાઈલટને સંતોષ થાય એ રીતની ગોઠવણ થઈ શકી છે પરંતુ પંજાબનો ઉકળતો ચરુ હજી ઠર્યો નથી. પ્રદેશ પ્રમુખ નવજોત સિદ્ધુ અગાઉના મુખ્યમંત્રીની જેમ નવા મુખ્યમંત્રીને પણ સતત પજવી રહ્યા છે ખેડૂત આંદોલનને સફળતા મળી છે. રાજકીય વિશ્લેષકો એના પરસ્પર વિરોધાભાસી અર્થ કાઢતા રહેશે. મોદીએ પશ્ચિમ ઉત્તરપ્રદેશમાં વિશ્વનું સૌથી મોટું એરપોર્ટ બનાવવાની યોજના કરીને મહંત મુખ્યમંત્રીની ઘણી બધી મુશ્કેલીઓ હલ કરી દીધી છે. મોહન ભાગવતને વિભાજનમાં જ દેશનું દુઃખનું મૂળ દેખાવા લાગ્યું છે. એ વિભાજન તો '૪૭ માં થઈ ગયું : આ જર્મની નથી - હિંદુસ્તાન અને પાકિસ્તાન છે. બર્લિનની દીવાલ ધરાશાયી કરીને બે જર્મનીને એક નેજા હેઠળ લાવી શકાયાં એવી કોઈ શક્યતા ભારત-પાકિસ્તાન માટે દૂર દૂર સુધી દૃષ્ટિગોચર થતી નથી. અત્યારે તો દેશની વસતિને મોંઘવારી, બેકારી અને બીમારીના ત્રિવિધ તાપથી બચાવી શકાય તોય ઘણું છે. એક સારા સમાચાર એ છે કે સ્ત્રી-પુરુષ રેશિયો સુધર્યો છે. પરંતુ કોરોના ફરી માથુ ઊંચકી શકે એવા માઠા સમાચાર પણ છે. દેશવિદેશમાં વધી રહેલા કેસ જોઈ કેન્દ્ર પાછું સાવધાન બન્યું છે. કેન્દ્રીય આરોગ્ય સચિવે રાજયોને પત્ર લખી જણાવ્યું છે કે કર્ણાટકમાં ૬૬ વિદ્યાર્થીઓ 'પોઝિટિવ' આવ્યા છે. વળી દક્ષિણ આફ્રિકામાં નવો વેરિયન્ટ મળી આવ્યો છે. બોટ્સવાનામાં મળી આવેલા નવા વેરિયંટને બ્રિટીશ તજજ્ઞોએ સૌથી વધારે જીવલેણ ગણાવ્યો છે. અગાઉ પણ આફ્રિકામાં જ નવો બીટા વેરિયંટ મળી આવેલો. એથી ભારતે સચેચ રહેવાની જરૂર તો છે જ. ત્રીજો - બુસ્ટર ડોઝ હમણાં લેવાની જરૂર નથી એમ કહીને ગુલેરિયા પાછા એમ પણ કહેછે કે ત્રીજી લહેર તો આવી જ રહી છે પણ એ જીવલેણ નહીં હોય. ધીરે ધીરે રાજકારણના ભ્રષ્ટાચારની જેમ કોરોના પણ આપણને કોઠે પડી જશે!

તાવ આવવાના શિયાળામાં કયાં કયાં કારણો હોઈ શકે ?

તન દુરસ્તી
મહેન્દ્ર ગજ્જર

પહેલા તો ગાંડાલાલ બોલ્યા કે તમારી સાથે હું સમંત નથી. શિયાળામાં કોઈને તાવ આવે એવું નથી માનતો. ડાહ્યાભાઈ એ કહ્યું એ ભાઈ ગાંડાલાલ ગાંડા ના કાઢો તાવ તો બધી સિઝનમાં આવે. તાવ અને ઋતુને કંઈ ખાસ સંબંધ હોતો નથી. પણ હા, શિયાળામાં વાતાવરણ ઠંડકવાળું હોય છે અને તેને લીધે બેકેટરિયા, ફંગસનો વિકાસ ઓછો થતો હોય છે. તેને લીધે લોકો વધારે પ્રમાણમાં રોગમુક્ત રહી શકે એવો ભાસ થતો હોય છે. પણ એવું નથી. ઠંડીના હિસાબે વાયરલ ઈન્ફેકશન વધારે પ્રમાણમાં જોવા મળે છે. જેવા કે, શરદી. વિપુલ બોલ્યો શરદી ના બોલો ભાઈ. શરદી બોલો ઓટલે એક જ રાક્ષસ યાદ આવે. જેમાં મારાં અંગત મિત્રો ઘણા હું ગુમાવી ચૂક્યો છું. ડાહ્યાભાઈ બોલ્યા. એકલો કોરોના જ ના થાય, બીજા ઘણા વાયરલ ઈન્ફેકશન. વાયરલથી થતા રોગો જોવા મળે છે. નિલેશ બોલ્યો હજુ કોરોના કયાં ગયો છે.

હજુ પણ બે દિવસે, એક-બે, ચાર-પાંચ એવું તો છાપામાં વાંચીએ છીએ. પણ હા, કોઈના મૃત્યુના સમાચાર ગાંધીનગરમાં ઓછા સાંભળવામાં આવે છે. ડાહ્યાલાલ બોલ્યા એનું કારણ છે કોરોનાની રસી. હજુ ઘણા લોકો રસી નથી લેતા. ઘણા ભણેલા, ગણેલા લોકોમાં પણ એવી માન્યતા છે કે કોરોનાની રસીને લીધે સંતાન પેદા કરવાની શક્તિ જતી રહે છે. બંનેમાં સ્ત્રી અને પુરુષમાં. ગાંડાલાલ બોલ્યા... યાર કોરોનાની રસીમાં કંઈક જુદુ જુદુ નાખતા હોય છે જેના લીધે શરીરમાં રોગપ્રતિકારક શક્તિ ઘટે છે. ડાહ્યાલાલે કહ્યું ભાઈ આવું કશું નથી હોતું. ઉપરનું બધું ખોટું છે. ફક્ત કોરોનામાંથી મુક્તિ મળે છે. એ જ સાચું છે અને જો સાચું હોય તો પણ એ ખરાબ વાતમાંથી એક ખરાબ વાત તમારે સ્વીકારવી પડે. કાં તો કોરોનાનો ભોગ બનો અથવા તો કોરોનાથી મુક્તિ પામો. વિપુલ બોલ્યો. કોરોનાની રસી લીધા પછી પણ કોરોના તો થાય જ છે. હા વાત સાચી, ડાહ્યાલાલે કહ્યું. કોરોનાની રસી લીધા પછી કોરોના થઈ શકે.

પણ જો રસી લીધેલી હોય તો કોરોના લીધે તથા કોમ્પ્લીકેશન આડઅસર નહિવત છે. હા કોરોના રસી લીધા પછી થાય તો તાવ આવે, ઉધરસ થાય, ખાંસી આવે પણ ઓક્સિજન લેવલ, ઓછું નથી થતું અને કોરોનાને લીધે ફેફસામાં કફ પણ ઓછો થાય છે. એટલે હજુ પણ જે લોકોએ કોરોનાની રસી ન લીધી હોય એમને આગ્રહ કરી, બે હાથ જોડી વિનંતી કરીએ કે રસી લઈ લો.

જીવન અમુલ્ય છે. તેને સાચવવું એ આપણા હાથમાં છે. બીજા વાયરસથી થતાં રોગોમાં ન્યુમોનિયા, સ્વાઈન ફલુ, ઈન્ફ્લ્યુએન્ઝા-એથી થતા શરદી થઈ શકે. હા, શિયાળામાં મેલેરિયા, ટાઈફોઈડ. જેવા રોગો ઓછા પ્રમાણમાં જોવા મળે છે. પણ કોરોના ચિકનગુનિયા અને ડેન્ગ્યુ એ તો બારેમાસ દરેક સિઝનમાં થઈ શકે. ભાઈ આપણે તો શરીર સારું રાખવા માટે હવે જાતે જ મહેનતકરવી પડશે. સરકાર પોતાની રીતે લોકોને રોગમુક્ત રહેવા પોતાના પ્રયત્નો કરે છે. પણ આપણી પણ એટલી જ જવાબદારી હોય છે. જો આપણે શરીરને નહીં સાચવીએ તો કોરોના પણ થશે. સ્વાઈન ફલુ પણ થશે. ન્યુમોનિયા પણ થશે. આ બધામાંથી મુક્તિ જોઈતી હોય તો જાતે જ મહેનત કરવી પડશે.

કાર્તિક પૂર્ણિમાએ શ્રીમદ્ તથા ગાંધીનું સ્મરણ

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

મહાત્મા ગાંધીના જીવનને એક અસંભવ સંભાવના તરીકે મૂલવવામાં આવે છે તે યથાર્થ છે. ગાંધીજી પોતે કે તેમની વિચારસરણી એ પાળમાં બંધાયેલા નીર સમાન નથી પરંતુ ગંગોત્રીની સાતત્યપૂર્ણ ગતિશિલતાની જેમ સતત વિકસતા અને વિલસતા પ્રવાહ સમાન છે. ગાંધીજીએ જે બાબતોનો પ્રત્યક્ષ અનુભવ જગતમાં કર્યો અને જે તેમની અનુભૂતિહતી તે અનુસારજ પોતાનો કાર્ય વિસ્તાર તેમણે કર્યો. દરેક વિચારને કર્મ સાથે જોડીને મૂલવવાનો ગાંધી જીવન સંદેશ એ બાપુના જીવનની વિશેષતા હતી. જે જીવનમાં તથા કર્મમાં તેજ બાબત વાણીમાં હોય. જે વાણીમાં હોય તેનોજ પ્રતિઘોષ કર્મમાં ઝીલાયો હોય તે ગાંધી જીવનની સાફલ્ફ ગાથા છે.

ઈતિહાસ પર દ્રષ્ટિકોણ કરીએ તો મહાત્મા ગાંધી અને ધર્માત્મા રાયચંદભાઇ એ બન્ને વૈચારીક દ્રષ્ટિકોણથી અનેક બાબતોમાં લગભગ સમાન ધોરણે રહ્યા તેમજ એકમેવ તરફનો સ્નેહ વિદ્યા વ્યાસંગને કારણે સતત જાળવતા રહ્યા. ગાંધીજી યુરોપની કેળવણી પામીને હિન્દુસ્તાન પરત આવ્યા હતા. આફ્રિકાના વસવાટ દરમિયાન બેરિસ્ટર ગાંધીના જીવનમાં અનેક નવા વળાંકો આવ્યા હતા. પરંતુ આ બધું હોવા છતાં ગાંધીજી શ્રીમદ્‌ના વિચારોમાંથી અનેક બાબતો મેળવી કે પામી શક્યા છે તેમ મહાત્મા ગાંધીએ એકથી વધારે વખત કહ્યું છે. મહાત્મા ગાંધી તથા શ્રીમદ્ વચ્ચેના આ વૈચારીક પ્રદાનનું સુંદર લેખન – સંપાદન કુમારપાળ દેસાઈએ કરેલું છે જે અભ્યાસુને માર્ગદર્શક થઇ શકે તેવું છે. શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ (જિલ્લો આણંદ)ના અનેક સુંદર પ્રકાશનોના માધ્યમથી પણ શ્રીમદ્‌ના જીવન – કવન તથા તેમના વિચાર વૈભવ સુધી પહોંચી શકાય છે. દેવદિવાળીનો શુભ દિવસ એ શ્રીમદ્‌નો પ્રાગટ્ય દિવસ છે. શ્રીમદ્‌ની અદ્‌ભૂત સ્મરણશક્તિને કારણે અષ્ટાવધાન – આઠ ભિન્ન ભિન્ન બાબતો તરફ એકી વખતે લક્ષ રાખી ભૂલ વગર એ આઠ ક્રિયાઓ કરી બતાવવાની શક્તિ – પણ તેમને સહજ ઉપલબ્ધ હતું. ક્રમશઃ શ્રીમદ્‌ શતાવધાન પણ કરી બતાવીને સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. આ બધી બાબતો માટે તેઓ 'અંતઃકરણની શુધ્ધિલ્ક ને પાયાની બાબત ગણાવતા હતા. અંતઃકરણની આવીજ શુધ્ધિ બેરિસ્ટર ગાંધીના જીવનમાં ક્રમશઃ વિકસી હતી. અંતરના સાદને પારખીને તેઓ જેમાંથી સારી એવી ધનપ્રાપ્તિ થતી હતી તે વકીલાતના વ્યવસાયને છોડીને સામુહિક જીવનના પ્રયોગ માટે ફીનીક્સ આશ્રમમાં રહેવા તથા અલગ પધ્ધતિએ જીવન જીવવા ગયા હતા.

ધર્મ એ ધારણ કરે છે તેમ શાસ્ત્રો કહે છે. આથી ધર્મનું અવલંબન એ સૃષ્ટિના તમામ જીવોને ઉપલબ્ધ છે. ધર્મને ફીરકા પરસ્તીની મર્યાદામાં બાંધી શકાતો નથી. જે સમર્થ લોકો ધર્મને વિશાળ ફલક પર જોવાની શક્તિ ધરાવતા હતા તેઓ કોઇપણ પ્રકારની વૈચારીક કુપમંડુક્તાને સહેજ પણ સહન કરી શકતા ન હતા. શ્રીમદ્ કહેતા હતા :

'' જૈન ધર્મ જો શ્રાવકોના હાથમાં ન ગયો હોત તો તેના તત્વો જોઇને જગત ચકિત થાત... તેઓ કીડિયારાં પૂરે છે, બટેટુ મોંમાં જાય તો જેમને દુઃખ થાય છે એવા ઝીણા ઝીણા ધર્મ પાળે છે તેમની એ ઝીણવટ તેમને મુબારક હો, પરંતુ જેઓ એમ માને છે કે તેમાંજ જૈન ધર્મની પરિસીમા છે તો તેઓ ધર્મની નીચામાં નીચી શ્રેણીએ જ છે...'' આજ વિચારનો પડઘો આપણે ગાંધી વિચાર તથા વ્યવહારમાં આબેહૂબ જોઇ શકીએ છીએ. જે મંદિરોમાં તમામ જાતીપાતીના લોકોને પ્રવેશ મળી શકતો નથી તેવા મંદિરમાં કસ્તુરબા દર્શન માટે જાય તો પણ એ બાબત ગાંધીને મંજૂર નથી. ગાંધીના વિચારમાં એ હકીકત તરફ 'ઝીરો ટોલરન્સ' છે.

ગાંધીજી કહેતા કે શ્રીમદ્‌ને પ્રેમ તથા આદરથી રાયચંદભાઇ અથવા કવિ તેવા નામથી બોલાવું છું. રાયચંદભાઈની અણધારી વિદાય પછી તેમના સ્મરણોને વાગોળતા ગાંધીજી કહે છે કે જૈન ધર્મની મારી મર્યાદિત સમજને કારણે કવિના સ્મરણોને હું સંપૂર્ણ ન્યાય આપી શકું તેમ નથી. ગાંધીજી વેદના મંત્રની જેમ દરેક દિશાએથી શુભ તથા સુંદર વિચારો મેળવનાર સતત અભ્યાસુ હતા. ગાંધીજીના વિચારોમાં કદી કુપમંડુક્તા ન હતી. આથી તેઓ કહે છે : '' કવિ શતાવધાની ગણાતા હતા. શતાવધાનીની વાનગી જોવા મને સૂચવવામાં આવ્યું... કવિએ મેં કહેલા શબ્દોજ જે ક્રમમાં – નિયમમાં કહ્યા હતા તેજ નિયમમાં કહિ સંભળાવ્યા ! આ શક્તિની મને અદેખાઇ થઇ પરંતુ હું તેના પર મુગ્ધ ન થયો. જેના પર હું મુગ્ધ થયો તે હતું તેમનું બહોળું શાસ્ત્રજ્ઞાન, તેમનું શુધ્ધ ચારિત્ર તથા તેમની આત્મદર્શન માટેની ભારે ધગશ. ''

(સત્યના પ્રયોગો)

હસતાં રમતાં પ્રગટ હરિ દેખું રે
મારું જીવ્યું સફળ તવ લેખું રે,
મુક્તાનંદનો નાથ વિહારી રે
ઓધા, જીવનદોરી અમારી રે.

મહાત્મા ગાંધીના મતે મુક્તાનંદનું ઉપરનું પદ માત્ર કવિના મુખપાઠમાંજ ન હતું પરંતુ તેમના હૃદયમાંયે અંક્તિ થયેલું હતું. ગાંધીજીનો સર્વધર્મ સમભાવ એ જાણીતી બાબત છે. પરંતુ જૈનદર્શનની છાપ બાપુના વિચારો પર રાયચંદભાઇના આ અંતરંગ સંપર્ક તેમજ વૈચારીક આદાન પ્રદાનને કારણે દ્રઢ થઇ હશે તેમ કહેવામાં ઔચિત્ય છે. ગાંધીજી અનેક ધર્માચાર્યોને મળ્યા છે તેમાં શ્રીમદ્ જેવી છાપ ગાંધીજી પર અન્ય કોઇ પાડી શક્યા નથી તેમ બાપુએ લખ્યું છે. જો કે વિચારોમાં હમેશા સ્પષ્ટ રહેતા મહાત્મા લખે છે કે તેમનો રાયચંદભાઇ માટેનો તેમજ ટોલ્સટોય તથા રસ્કીન માટેનો અપાર આદર હોવા છતાં તેમણે કોઇને ગુરુપદે સ્થાપ્યા નથી. આ શોધ બાપુના જીવનમાં અવિરત રહી છે. આમ છતાં એ હકકીત છે કે ગાંધીજીને ધર્મ સમજવામાં તેમજ વૈચારીક કટોકટીની ક્ષણે પણ તેને વળગી રહેવામાં શ્રીમદ્‌ના સત્સંગનો મજબૂત તથા તર્કબધ્ધ આશ્રય મળ્યો હતો.

મહાત્મા ગાંધીએ સત્ય તથા અહિંસાના મૂળભૂતમાનવીય ગુણોનું સિંચન – સંવર્ધન કરવા પ્રયાસ કર્યો. શ્રીમદ્‌ે વીતરાગપ્રણીત માર્ગને યથાર્થ રીતે અનુસરવા તેમજ પ્રસરાવવા આજીવન પ્રયાસ કર્યો. આ બન્ને મહાત્માઓ માનવ સભ્યતાના ઉજળા આભૂષણ સમાન છે.

સત્યના યોધ્ધાઓ નથી હોતા, એના ઉપાસકો હોય છે!

સંવેદનનું સ્ટેટસ
રમેશ ઠક્કર

'તમે છેલ્લે સાચું કયારે બોલ્યા હતા ?' એવો પ્રશ્ન જો કોઇ આપણને પૂછે તો એનો જવાબ આપવામાં ખરેખર ફાંફાં પડી જાય ! આપણી આસપાસ જુઠાણાઓનો જે જયજયકાર ચાલી રહયો હોય છે એમાં સત્યને શોધવું એ ઘાસની ગંજીમાંથી સોય શોધવા જેવું કપરૂં કામ છે... માણસજાત જયારથી સભ્ય બનવાનો દાવો કરતી થઈ છે, ત્યારથી જ કદાચ અસત્ય એની આજુબાજુ લપેટાઇ ગયું છે..અસત્યનું આલિંગન શરૂઆતમાં આહલાદક હોઇ શકે..અંતે તો એ દાહક જ સાબિત થતું હોય છે...!

કહેવાય છે કે જગત સત્યના આધાર ઉપર ટકયું છે... આકાશને કોઇ ટેકા નથી..વૃક્ષની કોઇ વંશાવલી નથી તો પણ એ સદૈવ ટકી રહ્યાં છે..જગત કોઇ સૂક્ષ્મ છતાંય પોલાદી વ્યવસ્થાના સહારે ટકી રહયું છે એવી આપણને સતત લાગે છે... એ અનુભૂતિની શોધ એ જ કદાચ સત્ય તરફનું પ્રયાણ ગણી શકાય.

માણસ ગમે તેટલો કાબેલ હોય, શકિતશાળી હોય... નિષ્ઠાપૂર્વક કામ કરતો હોય,પણ જો સત્યના રસ્તે ચાલતો હોય તો મુસીબતો એને ઘેરી વળતી હોય છે. એની સામે જે માણસ જુઠાણાઓ ચલાવવામાં કુશળ હોય એ લાખ મર્યાદાઓ છતાં સફળ ગણાતો રહે છે..! જગતમાં સત્ય કરતાં જૂઠની ગતિ વધારે હોય એવું લાગે છે..! એક વિદેશી કહેવત પણ છે કે ×અસત્ય જયારે અડધો માર્ગ કાપી નાખે છે ત્યારે સત્ય તો જોડા પહેરતું હોય છે!''

શું ખરેખર દુનિયામાં ખોટાની જ બોલબાલા હોય છે ? આપણે ત્યાં એવી માન્યતા છે કે સુવર્ણએ જ ધગધગતી ભઠ્ઠીમાં તપવું પડે છે..બાકી હલકી ધાતુઓ તો તપ્યા વગર જ વિવિધ આકારો પામે છે. એવી ચીજવસ્તુઓ માણસને સીધેસીધી આકર્ષતી હોય છે..પરંતુ આપણો એ અનુભવ રહ્યો છે કે એ ચળકાટ જેટલો ઝડપથી ફેલાય છે એટલી જ ત્વરાથી એ ગાયબ પણ થઈ જાય છે. જ્યારે સોનામાંથી ઘડાતાં આભૂષણોનું જે તેજ હોય છે એ કયારેય વિલાતું નથી. આવું જ માણસો માટે પણ કહી શકાય. સત્યના પથ ઉપર ચાલનાર માણસ ધીમે ચાલે છે પણ એની ગતિ મકકમ હોય છે.

આપણે આદર્શમય રીતે ભલે કહેતા રહીએ કે જગતમાં સત્યનો જ વિજય થાય છે..કિતાબો અને વાર્તાઓમાં હંમેશાં સત્યનો જ વિજય બતાવાય છે..એની સામે આપણે વાસ્તવમાં જે અનુભવીએ છીએ એ અલગ હોય છે..ઘણીવાર જુઠાણાઓની બોલબાલા એવી હોય છે કે આપણી શ્રધ્ધા ડગમગી જાય છે. વ્યવહારમાં જોઇએ તો લીલાં નાળિયેર વધેરાઇ જતાં હોય છે..ખોટાં નાળિયેર 'શો-કેસ'માં મઢાય છે.જંગલમાં કઠિયારો સીધાં વૃક્ષો કાપે છે. વાંકાંચૂંકાં ઝાડને કોઇ અડતું નથી.

આપણાં શાસ્ત્રો સદ-અસદની લડાઇ ઉપર જ ચાલે છે.રામાયણમાં અંગદ નામનું એક અદ્ભુત પાત્ર છે.રામની સેનાનો એ વિર યોધ્ધો છે..જે રાવણની સભામાં રામનો સંદેશો લઇને જાય છે..એ સત્યનો વાહક છે.સભામાં એનો ઉપહાસ થાય છે..અંગદ ભરી સભામાં પોતાનો એક પગ રાખી એને હઠાવવા લલકાર કરે છે..રાવણનો કોઇ યોધ્ધો એ કરી શકતો નથી..છેવટે રાવણ નીચો નમી અંગદનો પગ હઠાવવા જાય છે..અંગદ પોતે જ એ હઠાવી લે છે...રાવણ ભોંઠપ અનુભવે છે..અંગદનો એ જ સંતોષ છે..

જાહેરજીવન, શિક્ષણ જગત કે સિસ્ટમમાં અંગદ જેવા ઘણા માણસો હોય છે. એના પગ એટલે કે એની નિષ્ઠાને કોઇ પડકારી નથી શકતું..સર્વોચ્ચ સ્થાને બેઠેલા એની અવહેલના કરી શકે એને પરાસ્ત ના કરી શકે. સત્યનું પણ આવું હોય છે એને અવગણી તમે થોડો સમય વિજેતા હોવાનો ગર્વ કરી શકો પણ સત્યને પરાસ્ત કયારેય ના કરી શકાય..!

ઘણીવાર આપણને પ્રશ્ન થાય કે સત્ય એટલે શું ? સમષ્ટિનું જે સત્ય હોય એ જ વ્યકિતનું પણ હોય ? શાશ્વત સત્યો અથવા અનુભવોમાંથી નીપજતું સત્ય એ જ સાચું ? ગાંધીજી તો એટલે સુધી કહેતા કે સત્ય એ જ પરમેશ્વર..! સત્ય એ આદર્શ છે કે કોઇ વાસ્તવ ? ભુતકાળમાં સાચી લાગતી કેટલીયે બાબતો અમુક સમય પછી ખોટી સાબિત થઈ જતી જોવા મળે છે..સત્ય એ પરિવર્તનશીલ હોઇ શકે ? એના કોઇ માપદંડો છે ? જો હોય તો એ કોણ નક્કી કરે ? સાચે જ સત્યને શોધવું પડકારરૂપ છે..એટલે જ કહેવાયું છે કે સત્ય જેવું કશું હોતું નથી,એનાં ફકત અર્થઘટનો હોય છે !

જાણેઅજાણે માણસ પોતાની માન્યતાઓને સત્ય માની બેસે છે..આપણા કેટલાક પૂર્વગ્રહો કે આપણું મિથ્યાભિમાન સાચી લાગતી હકિકતોની આસપાસ એવી દિવાલ ખડી કરે છે કે આપણે કોઇ ભ્રમને જ આખરી માની લઈએ છીએ..સૂર્ય પૂર્વમાં ઉગે છે, એ સનાતન સત્ય છે..એમ જ આપણા જીવન માટે કેટલાંક સનાતન સત્યો હોય છે..આપણે જ્યાં સુધી એ માન્યતાઓને તાર્કિક રીતે, અધ્યાત્મની રીતે, કે વૈજ્ઞાનિક રીતે ખોટી પુરવાર ના કરી શકીએ ત્યાં સુધી એને જ સત્ય માનવું પડે...ગાંધીજીએ એટલે જ કહયું છે કે 'કોઇપણ બાબતે મારા આખરી અભિપ્રાય ને જ સત્ય માનવો !'

માણસની એ તલાશ રહી છે કે જીવનનું આખરી સત્ય શોધવું. ઘણીવાર આપણે સાચી વાત જાણતા હોવા છતાં ખોટી બાબતોમાં અટવાઇ જઈએ છીએ..સત્યના રસ્તેથી ભટકી, નાના કે દુન્યવી ફાયદાઓ માટે જુઠાણાઓને માન્યતા આપતા રહીએ છીએ. આવું કરવામાં તુરત લાભ કે સુખ મળી જાય છે..તબીબી ભાષામાં કહીએ તો સત્ય એ સર્જરી જેવું હોય છે..થોડાક દર્દ પછી કાયમી રાહત થઈ જાય છે.જુઠાણું એ પેઇન કિલર જેવું છે.એનાથી થોડી રાહત થાય પણ એની આડઅસર ખતરનાક હોય છે.

હકિકતમાં સત્ય એ બહુ સુક્ષ્મ વસ્તુ છે.અટપટી બાબત પણ છે.એટલે જ કોઇપણ બાબતને આખરી માની લેવાની ઉતાવળ કરવા જેવી હોતી નથી.આપણે જે કરીએ છીએ એ જ સાચું એમ માની લેવું એકાંગી છે.સામાન્ય માનવી પોતાના પૂર્વગ્રહો અને માન્યતાઓને સત્યના વાઘા પહેરાવતો રહે છે